| | ૧.૭ | **યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક હિસાબ Certify કરાવવાની કામગીરી.**<br>(૦૧) હાલ યુનિવર્સિટીના તમામ નાણાંકીય આવક જાવકના હિસાબો કોમ્પ્યુટરાઈઝ નિભાવવામાં આવે છે. જેમાંથી મેળવેલ અને એકત્રિત કરેલ માહિતી અને ડેટાનો ઉપયોગ કરી યુનિવર્સિટીનો વાર્ષિક હિસાબ તૈયાર કરવામાં આવે છે. જેની સંપૂર્ણ ચકાસણી કરી વાર્ષિક હિસાબ **Certify** કરી વર્ષ દરમ્યાન કરવામાં આવેલ પ્રકરણ ૨ ના મુદ્દા નંબર ૦૧ (૧.૨) માં જણાવેલ **₹ 1.00 લાખથી ઉપરના** (તમામ પગાર ભથ્થા/ પેન્શન બીલો સિવાયના) બીલોનું સરકારશ્રી/ ફંડિંગ એજન્સીઓ/ યુનિવર્સિટીના જે તે સમયે લાગુ પડતાં નિતિ-નિયમો તેમજ યુનિવર્સિટીના સ્ટેચ્યુટ મુજબ પ્રિ-ઓડિટ કર્યા અંગેનું Certificate ઈશ્યુ કરવાનું રહેશે. આ વાર્ષિક હિસાબ યુનિવર્સિટીના અધિનિયમ (એક્ટ) અને સ્ટેચ્યુટ થી થયેલ જોગવાઈ ને આધીન નાણાંકીય વર્ષ પૂર્ણ થયા બાદ ત્યાર પછીના તરતના |

| | | |
|---|---|---|
| | | નાણાંકીય વર્ષના જુન માસની **15** તારીખ સુધીમાં તૈયાર કરી ત્યારબાદ નિયામક મંડળમાં મંજુરી મેળવી સરકારશ્રીને રજુ કરી દેવાનો હોય છે. જેની સમય મર્યાદા પણ ધ્યાને લેવાનું રહેશે. |

**નોંધ:-**

- ઉપરોક્ત તમામ કામોની વિગત/ જથ્થામાં **વધઘટ સંભવિત છે** જે સ્પષ્ટ દર્શાવવામાં આવેલ છે. જેમાં વધારો કરતા જણાવવાનું કે, **કોઈપણ કારણો સર** AUC/UC/SOE Certificate, યુનિવર્સિટીની આવકોનું આવકવેરા રિટર્ન ફાઈલ, GST-TDS ના રિટર્ન ફાઈલ, GST-TDS Certificate, IT-TDS માટે 24Q અને 26Q ના રિટર્ન ફાઈલ તેમજ ફોર્મ નં.-16/16A **રીવાઈઝ કરવાના થશે તો** એ તમામ ફેરફારો કરી સુધારા વધારા સાથેના સંબંધિત Certificate ઈશ્યુ કરી આપવાના રહેશે જેના **અલગથી વધારાના કોઈપણ પ્રકારના ચૂકવણા કરવામાં આવશે નહીં**. જેની ખાસ નોંધ લેવું.
- ઉપરોક્ત કોઈપણ કામગીરી માટે કામગીરીના સમયગાળા દરમ્યાન જો કોઈ કચેરીના ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રી બદલાય તો આવા સમયે ઉક્ત કામગીરીઓ સંબંધિત કરાવવામાં આવેલ રજીસ્ટ્રેશનો અથવા અન્ય વિગતોની માહિતીઓમાં ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગેની કાર્યવાહી કરવાની રહેશે.
- ઉપરોક્ત જણાવેલ કામગીરીઓ ઉપરાંત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંલગ્ન સેવાઓ માટે જરૂર જણાય ત્યાં યુનિવર્સિટીને માર્ગદર્શન પૂરું પાડવાનું રહેશે.

| ૦૨ | **કમિટીના હકો.** | |
|---|---|---|
| | ૨.૧ | આ કામગીરી માટે કોઈપણ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનાં ભાવ/ ભાવપત્રક સ્વીકારવા કે ન સ્વીકારવા એ અંગેના તમામ હકો આ કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ કમિટીના રહેશે. |
| | ૨.૨ | આ કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ કમિટી જયારે ઈચ્છે ત્યારે ખરીદ પ્રક્રિયા રદ જાહેર કરી સ્થગિત કરી શકે છે અથવા રદ કરી સમગ્ર ખરીદ પ્રક્રિયા ફરીથી શરૂ કરી શકે છે. |
| | ૨.૩ | આ કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ કમિટી જે કોઈપણ નિર્ણય કરશે એ આખરી ગણવામાં આવશે. |
| | ૨.૪ | આ કામગીરીની ખરીદ પ્રક્રિયામાં તકનીકી દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ ૩ (ત્રણ) કરતા ઓછી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીઓ લાયક (ક્વોલિફાય) થવા પામશે તો આ કામગીરી માટે નક્કી કરવામાં આવેલ કમિટી ઈચ્છે તો ગેરલાયક (ડીસ-ક્વોલિફાય) ઠરેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીઓના ભાવો ખોલવાનો નિર્ણય લઈ શકે છે. |
| | ૨.૫ | આ કામગીરીના સ્પર્ધાત્મક ભાવો મેળવવા અને કામગીરીની ઉચ્ચ ગુણવત્તા માટે આ કામગીરી માટે નક્કી કરવામાં આવેલ કમિટી જે નિર્ણય કરશે એ માન્ય ગણવામાં આવશે. |

| | | |
|---|---|---|
| | ૨.૬ | આ બીડ પ્રાપ્તિની છેલ્લી તારીખ પહેલાં કોઈપણ સમયે કોઈપણ કારણોસર બીડ ડોક્યુમેન્ટમાં સુધારા વધારા કે દસ્તાવેજમાં ફેરફાર કરવાની સત્તા આ કામગીરીની ખરીદ પ્રક્રિયા માટે નક્કી કરવામાં આવેલ કમિટીની રહેશે. |
| | ૨.૭ | સંબંધકર્તા સર્વેને **GeM** પોર્ટલ દ્વારા સુધારાની જાણ કરવામાં આવશે. જેથી તમામ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીને **GeM** પોર્ટલ નિયમિતપણે જોવા વિનંતી કરવામાં આવે છે. |
| | ૨.૮ | આ બીડની બીડ પ્રક્રિયા દરમ્યાન કે કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી બાદ અથવા તો કામગીરીના સમયગાળા દરમ્યાન કોઈપણ પ્રકારના કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થવા પામશે તો તે બાબતે ન્યાયીક ક્ષેત્ર **(Judicial Area)** હાલોલ રહેશે. |
| **૦૩** | **દંડ (Penalty), વસુલાત અને કરારનામું.** | |
| | ૩.૧ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી કોઈપણ કારણોસર જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ સર્વિસ/ કામગીરી કરવામાં નિષ્ફળ નીવડે તો અત્રેની યુનિવર્સિટીમાં એ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીને કુલ **5 (પાંચ)** વર્ષ માટે બ્લેકલિસ્ટેડ કરવામાં આવશે તેમજ આ કામગીરી માટે જમા લેવામાં આવેલ સિક્યોરિટી ડિપોઝીટની રકમ ફોરફીટ કરી અત્રેની યુનિવર્સિટીમાં જમા લેવામાં આવશે. |
| | ૩.૨ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી દ્વારા સોપવામાં આવેલ કામગીરી સમય મર્યાદામાં ન કરવામાં આવે તો પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી પાસેથી પ્રતિ દિવસ **₹ 500** નો દંડ વસુલ કરવામાં આવશે. |
| | ૩.૩ | આ કામગીરી માટે મંગાવવામાં આવેલ તમામ લાયકાત અને માપદંડ માટેના આધાર પુરાવા માંથી કોઈપણ આધાર પુરાવા ખોટા સાબિત થશે તો આ કામગીરી માટે નક્કી કરવામાં આવેલ કમિટી ઈચ્છે તો અત્રેની યુનિવર્સિટીમાં ખોટા આધાર પુરાવા રજુ કરનાર પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીને બ્લેકલિસ્ટેડ કરવા તેમજ ઇ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ જપ્ત કરવા સુધીની કાર્યવાહી કરી શકશે. |
| | ૩.૪ | જો કોઈપણ કારણો સર આ કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી બાદ પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી બીડમાં જણાવેલ કામગીરી કરવા માટે કામગીરીનો વર્ક ઓર્ડર ન સ્વીકારે અને સમય મર્યાદામાં સિક્યુરિટી ડીપોઝીટ ન જમા કરાવે તો પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની ઇ.એમ.ડી ની રકમ જપ્ત કરવામાં આવશે. તેમજ પ્રકરણ ૨ ના મુદ્દા નંબર ૦૩ (૩.૧)માં જણાવ્યા પ્રમાણે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીને બ્લેકલિસ્ટેડ કરવા સુધીની કાર્યવાહી કરવામાં આવશે. |
| | ૩.૫ | આ કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી બાદ કામગીરીના સમયગાળા દરમ્યાન પસંદગી થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની કોઈપણ પ્રકારની |

| | | |
|---|---|---|
| | | ભૂલના કારણે કોઈપણ પ્રકારની સરકારી પેનલ્ટી/ દંડ ભરવાનો પ્રશ્નો ઉપસ્થિત થશે તો તે પેનલ્ટી/ દંડ ભરવા અંગેની સંપૂર્ણ જવાબદારી પસંદગી થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની રહેશે. |
| | ૩.૬ | પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનું અસંતોષકારક અથવા અવ્યાવસાયિક વર્તન ધ્યાને આવશે તો કરાર સમાપ્ત કરવામાં આવશે. અહીં દર્શાવેલ સેવાની ગુણવત્તા અને નિયમો અને શરતોનું પાલન ન કરવાથી કરાર તાત્કાલિક સમાપ્ત થશે. |
| | ૩.૭ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીએ પોતાના સ્વખર્ચે **₹ 300** ના સ્ટેમ્પ પેપર ઉપર **Comptroller, Gujarat Natural Farming Science University** સાથે **(SLA)** સર્વિસ લેવલ એગ્રીમેન્ટ ફરજિયાત કરવાનું રહેશે. |
| **૦૪** | **પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી.** | |
| | ૪.૧ | આ કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી માટે એવીજ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના **GeM** પોર્ટલ ઉપર ભાવ પત્રક ખોલવામાં આવશે જેના તમામ ફરજિયાત મંગાવવામાં આવેલ તકનીકી દસ્તાવેજ પૂરતા અને સાચા હશે. |
| | ૪.૨ | આ કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી **GeM** પોર્ટલ ઉપર ત્રણ વર્ષના કુલ ન્યુનતમ ભાવ ઉપરથી કરવામાં આવશે. |
| | ૪.૩ | આ યુનિવર્સિટીના કર્મચારીઓના નજીકના સગાઓને આ બીડમાં ભાગ લેવાની મનાઈ છે. આ હેતુ માટે નજીકના સગાઓને નીચે મુજબ વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે:-<br>(૧) હિન્દુ અવિભાજિત પરિવાર **(Hindu Undivided Family-HUF)** ના સભ્યો.<br>(૨) પતિ કે પત્ની.<br>(૩) પિતા, માતા, પુત્ર, પુત્રની પત્ની (પુત્રવધૂ), પુત્રી અને પુત્રીના પતિ (જમાઈ), ભાઈ અને ભાઈની પત્ની, બહેન અને બહેનના પતિ (બનેવી) તરીકે સંબંધિત છે. |
| **૦૫** | **દસ્તાવેજીકરણ, તાલીમ અને યુઝર આઈડી અને પાસવર્ડ (Credentials).** | |
| | ૫.૧ | આ કામગીરીના ભાવો તેમજ જરૂરી આધારો જમા કરાવવા માટે જુદાજુદા કુલ **3 (ત્રણ) કવર** બનાવવાના રહેશે.<br>**(૧) તકનીકી દસ્તાવેજનું કવર.**<br>જેમાં આ **GeM** બીડથી માંગવામાં આવેલ તમામ આધારો, **DD/RTGS/DBT**ના આધાર પુરાવા, બાંહેધરી તેમજ લાયકાત અને માપદંડના આધાર પુરાવા સામેલ રાખવા.<br>**(૨) પ્રાઈઝ બ્રેકઅપ (સીલબંધ).**<br>જેમાં ફક્ત આ કામગીરી માટેના તમામ કરવેરા સહિતના ભાવ દર્શાવતુ પ્રાઈઝ બ્રેકઅપ પત્રક સામેલ રાખવું **(પ્રકરણ ૦૫)**. (પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના લેટર હેડ ઉપર). આ કવર સીલબંધ ન હશે તો ભાવો માન્ય રાખવામાં આવશે નહીં. આ કવર ફક્ત |

| | | |
|---|---|---|
| | | તેવીજ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના ખોલવામાં આવશે જેના તકનીકી દસ્તાવેજ તકનીકી દસ્તાવેજ પૂરતા અને સાચા હશે.<br>**(૩) મુખ્ય કવર (સીલબંધ).**<br>જેમાં ઉપરોક્ત બન્નેવ **(૧)** તકનીકી દસ્તાવેજનું કવર અને **(૨)** વાર્ષિક પ્રાઈઝ બ્રેકઅપનું સીલબંધ કવર સામેલ રાખવા.<br>* "ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવા માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી નક્કી કરવા બાબત **(Hiring of Chartered Accountant Firm for Providing Works/Services at GNFSU,HALOL)"** સ્પષ્ટ લખવાનું રહેશે.<br>ઉક્ત કવરો અત્રેની કચેરીને નિર્ધારિત તારીખ સુધીમાં મળે તે મુજબ મોકલી આપવાના રહેશે અન્યથા આપની બીડ ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. |
| | ૫.૨ | આ કામગીરી દરમ્યાન યુનિવર્સિટીના આ કામગીરી સાથે સંકળાયેલ અધિકારીશ્રી/કર્મચારીઓને જરૂરિયાત મુજબની તાલીમ વ્યવસ્થા **Online/Offline** સ્વરૂપે પૂરી પાડવાની રહેશે તેમજ સરકારશ્રી ના સમયાંતરે જાહેર થતા ઉક્ત કામગીરી સંબધિત નિયમો થી માહિતગાર કરી તાલીમ દરમ્યાન તાલીમ સંબંધિત જરૂરી માહિતીઓ ડીજીટલ /પ્રિન્ટ કોપી સ્વરૂપે ઉપલબ્ધ કરાવવાની રહેશે. |
| | ૫.૩ | આ બીડ સંબંધિત કામગીરીઓ અર્થે યુનિવર્સિટી માટે મેળવેલ અથવા યુનિવર્સિટી તરફથી ફાળવવામાં આવેલ કોઈપણ પ્રકારની સર્વિસના યુઝર **ID** અને **Password** આપનો કોન્ટ્રાક્ટ/ સેવાનો પિરિયડ પૂર્ણ થતાં યુનિવર્સિટીની જે તે કચેરીને પરત કરી અત્રેની કચેરીને તે અંગેની જાણ કરવાની રહેશે. |
| **૦૬** | **પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી, બિલિંગ વિગતો, ચુકવણીની શરતો અને કર અને અન્ય શુલ્ક.** | |
| | ૬.૧ | આ કામગીરી માટે તમામ પ્રકારના કરવેરા સહિતના ભાવો રજૂ કરવાના રહેશે. |
| | ૬.૨ | આ કામગીરી માટે મંજૂર થયેલ ભાવો ઉપરાંત કોઈપણ પ્રકારનું ખાનગી/છુપા (હિડન) ચાર્જ, મુસાફરી ભથ્થું, લોજિંગ/બોર્ડિંગ જેવા કોઈપણ પ્રકારના વધારાના ભથ્થા/ચાર્જ ચૂકવવામાં આવશે નહીં. |
| | ૬.૩ | આ કામગીરીના બીલના ચૂકવણા માંથી સરકારશ્રીના નિતિ-નિયમો મુજબ કરવેરાની કપાત કરવામાં આવશે. |
| | ૬.૪ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના વાર્ષિક ભાવ કુલ **3 નાણાંકીય વર્ષ (2025-26, 2026-27, 2027-28)** માટે મંજુર/ ફિક્ષ ગણવામાં આવશે. |
| | ૬.૫ | આ કામગીરી માટે રસ ધરાવતી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીએ **GeM** પોર્ટલ ઉપર જણાવેલ ત્રણ નાણાંકીય વર્ષ માટેનો કુલ ભાવ દર્શાવવાનો/ ભરવાનો રહેશે. |

| | | |
|---|---|---|
| | ૯.૬ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનું બીલનું ચુકવણું સીમાચિહ્નરૂપ (milestone) પદ્ધતિથી પસંદગી થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી દ્વારા રજુ કરેલ **<u>પ્રાઈઝ બ્રેકઅપ (પ્રકરણ ૦૫) મુજબ વાર્ષિક કરવામાં આવશે</u>**. |
| | ૯.૭ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની કામગીરી સંતોષકારક હશે તોજ નવા નાણાંકીય વર્ષનો કરાર ચાલુ રાખવામાં આવશે અને આ કામગીરીઓ નવા નાણાંકીય વર્ષે પણ બીડમાં જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ કરવાની રહેશે. |
| | ૯.૮ | આ કામગીરી માટે કોઈપણ પ્રકારનું અગાઉથી (એડવાન્સ) ચુકવણું કરવામાં આવશે નહીં. |
| | ૯.૯ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીએ બીડથી જણાવેલ કામગીરીઓ માટે કામગીરી અનુસાર નિયુક્ત કરેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને અન્ય કર્મચારીઓની સિંગલ પોન્ટ કોમ્યુનિકેશન અર્થે સંપર્ક કરવા અંગેની માહિતી અવશ્ય રજુ કરવાની રહેશે. |
| | ૯.૧૦ | પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી દ્વારા નિયુક્ત કરેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને અન્ય કર્મચારીઓએ અત્રેની યુનિવર્સિટીના બીડથી જણાવેલ કામગીરીઓ સંબંધિત કર્મચારીઓ સાથે સીધો સંપર્ક કરી કામગીરી કરવાની રહેશે. |
| | ૯.૧૧ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી સાથે જે નાણાંકીય વર્ષો માટે કરાર કરવામાં આવ્યો હશે એ નાણાંકીય વર્ષ દરમ્યાન બીજા અન્ય અગાઉના કોઈપણ નાણાંકીય વર્ષની સંલગ્ન કામગીરી કરવાની થાય તો કરવાની રહેશે. |
| | ૯.૧૨ | આ બીડમાં જણાવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની તમામ સેવા સંબંધિત કોઈપણ કામગીરી અર્થે નવી ડીજીટલ સિગ્નેચરની ખરીદી અને ડીજીટલ સિગ્નેચર રીન્યુ કરવાની ફી નું ચુકવણું યુનિવર્સિટી દ્વારા અલગથી ચુકવવામાં આવશે. આ ઉપરાંત અગાઉના નાણાંકીય વર્ષોની પડતર ડીમાન્ડો માંડવાળ કરવા અર્થેના જવાબો મેન્યુઅલ પ્રોસેસ થી કરવાના થાય અને એ માટે જો કોઈ સરકારી અથવા ઓનલાઈન પોર્ટલની પ્રોસેસીંગ ફી ચુકવવાની થાય તો તેનું ચુકવણું યુનિવર્સિટી દ્વારા અલગથી ચુકવવામાં આવશે. |
| | ૯.૧૩ | આ બીડ માટે પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી તેના અને તેના કર્મચારીઓ વચ્ચે ઉદ્ભવતા કોઈપણ વિવાદો માટે સીધા જવાબદાર રહેશે અને આ માટે બીડથી સોપવામાં આવેલ કામગીરી ખોરંભે ન જાય તેની કાળજી રાખવાની રહેશે. |
| | ૯.૧૪ | આ બીડ દસ્તાવેજમાં ઉલ્લેખિત કોઈપણ શરતો અને શરતોનું ઉલ્લંઘન થાય તો, સક્ષમ અધિકારી તાત્કાલિક કરાર રદ કરવાનો અને પરિસ્થિતિના આધારે બીજા સૌથી ઓછા બોલી લગાવનાર (L2) અથવા ત્રીજા સૌથી ઓછા બોલી લગાવનાર (L3) ને L1 ના દરે |

| | | |
|---|---|---|
| | | કામગીરી સોંપી શકશે. આવા કિસ્સાઓમાં, મૂળ કરાર સામે કોઈ ચુકવણું (બાકી અથવા ભવિષ્યની) કરવામાં આવશે નહીં. |
| | ૬.૧૫ | આ બીડ થી પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી યુનિવર્સિટીમાં આ કામ અર્થે પેટા પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી નિયુક્ત કરી શકશે નહીં. યુનિવર્સિટીની કામગીરી સમયસર પૂર્ણ કરવા અને યુનિવર્સિટી જરૂરિયાતો ને પહોંચી વળવા જો પસંદગી પામેલ પાર્ટીને વધારાના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની જરૂરિયાત જણાય તો આવા ખાસ કીસ્સામાં યુનિવર્સિટી પાસેથી આગોતરી મંજુરી મેળવવાની રહેશે અને જો નિયુક્ત થનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પસંદગી થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી સિવાયની પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હશે તો તેમની પાસે ICAI નું સર્ટિફિકેટ, સરકારી/ અર્ધ સરકારી સંસ્થા દ્વારા ઓડીટ અર્થે empaneled, ગુજરાત રાજ્યમાં નોંધણી અને સરકારી/ અર્ધ સરકારી સંસ્થામાં બીડ સંબંધિત કોઈપણ કામગીરી કરેલ હોવું ફરજીયાત રહેશે. આવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે એમની પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી આ બીડ માટે કોઈપણ પ્રકારના હક દવાઓ કરી શકશે નહીં. વધારાના નિયુક્ત થનાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા કરવામાં આવનાર કામગીરી અંગેની જવાબદારીઓ પણ પસંદગી થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી ની જ રહેશે તેમજ આ અંગેની વહીવટી કાર્યવાહી કે નાણાંકીય આપલે પણ પસંદગી થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી સાથે જ કરવામાં આવશે. |
| | ૬.૧૬ | આ બીડ થી થયેલ એગ્રીમેન્ટ ટ્રાન્સફર કરી શકાશે નહીં. |
| | ૬.૧૭ | કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતા કોઈપણ કારણ દર્શાવ્યા વગર સક્ષમ અધિકારી પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી ને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈપણ વળતર આપવામાાં આવશે નહીં. |
| | ૬.૧૮ | પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી ના માલિક ના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હક્ક-દાવો રહેશે નહીં. |
| | ૬.૧૯ | આ બીડ થી કરવાની થતી કામગીરીનો સમયગાળો કુલ બે નાણાંકીય વર્ષ માટેનો રહેશે **(2025-26 અને 2026-27)** ત્યાર બાદ અરસપરસ સહમતી થી મંજુર થયેલ બે નાણાંકીય વર્ષના સરેરાશ ભાવે **<u>(કુલ મંજુર થયેલ રકમ / ૨= સરેરાશ ભાવ)</u>** વધુ એક નાણાંકીય વર્ષ **2027 -28** માટે કરારનો સમયગાળો લંબાવી શકાશે. |
| | ૬.૨૦ | પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી દ્વારા જમા કરાવવામાં આવતા આધારો સંબંધિત સમયગાળાની ગણતરી બીડ પ્રસિદ્ધ થયાની તારીખને ધ્યાને લઈ કરવાની રહેશે. |
| **૦૭** | **ઈ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ.** | |

| | | |
|---|---|---|
| | ૭.૧ | આ કામગીરી માટે બીડ પ્રક્રિયામાં ભાગ લેવા માટે ₹ 30,000/- અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈ.એમ.ડી) (રિફંડેબલ) ભરવું ફરજિયાત છે. આ કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી થતા અને પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી દ્વારા વર્ક ઓર્ડર સ્વીકાર્ય બાદ પસંદગી પામેલ અને અન્ય તમામ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની ઈ.એમ.ડી ની રકમ નિતિ નિયમો મુજબ છુટી કરવામાં આવશે. |
| | ૭.૨ | જો કોઈપણ કારણોસર પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી દ્વારા સમય મર્યાદામાં વર્ક ઓર્ડર સ્વીકારવામાં ન આવે, **5 (પાંચ)** ટકા સિક્યોરિટી ડિપોઝીટ જમા ન કરવામાં આવે તેમજ બીડની બોલીઓ અને શરતો મુજબ કામ કરવા તૈયાર ન થાય તો ઈ.એમ.ડી ની રકમ પરત ન કરતા જપ્ત કરવામાં આવશે. |
| | ૭.૩ | પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીએ આ કામગીરીનો વર્ક ઓર્ડર મળ્યેથી કામગીરીની શરૂઆત કરતા પહેલા મંજુર થયેલ **બે વર્ષની કુલ રકમના 5 (પાંચ) ટકા** સિક્યોરિટી ડિપોઝીટ (રિફંડેબલ)ની રકમ જમા કરાવવાની રહેશે. આ કામગીરી (બે વર્ષ દરમ્યાન) સંતોષકારક પૂર્ણ થતા સિક્યોરિટી ડિપોઝીટની રકમ નિતિ નિયમો મુજબ છુટી કરવામાં આવશે. |
| | ૭.૪ | ઈ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમનો **ડિમાન્ડ ડ્રાફ્ટ** "DDO 01 GNFSU FUND" ના નામથી જમા કરાવવાનો રહેશે.<br>**Bank Details for RTGS/DBT:**<br>DDO 01 GNFSU FUND<br>Bank of Baroda(Halol Branch)<br>A/C no. – 07760100053999<br>IFSC Code No. – BORB0HALOLX<br><br>ઈ.એમ.ડી ફક્ત ડીમાંડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈન ટ્રાન્સફરના સ્વરુપે જ સ્વીકાર્ય રહેશે જેનું ખાસ ધ્યાન લેવું. ઈ.એમ.ડી અને સિક્યોરિટી ડિપોઝીટની રકમ RTGS/DBT થી ટ્રાન્સફર કરવામાં આવે તો એ અંગેની જાણ comptroller@gnfsu.edu.in ઉપર કરવાની રહેશે. DD/RTGS/DBT ના આધાર પુરાવા તકનીકી દસ્તાવેજનું કવરમાં સામેલ રાખવાના રહેશે. સિક્યોરિટી ડિપોઝીટ જમા આપવા બાબતે પ્રવર્તમાન GeM પોર્ટલના નિયમો મુજબ e-PBG પણ સ્વીકાર્ય રહેશે. |

**પ્રકરણ ૦૨ ના તમામ નિયમો, બોલીઓ અને શરતો અમને માન્ય છે.**

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી**
**અને સિક્કો**

## પ્રકરણ ૦૩: પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની માહિતીઓ.

| | | | |
|---|---|---|---|
| 01. | Name of Firm/ Agency/ Party | : | |
| 02. | Firm/ Agency/ Party Registration No. | : | |
| 03. | ICAI Registration No. | : | |
| 04. | Empanelment No | : | |
| 05. | Complete postal address | : | |
| 06. | Telephone/Mobile Number | : | |
| 07. | FAX Number (if any) | : | |
| 08. | E-mail address | : | |
| 09. | GST No. | : | |
| 10. | PAN No. | : | |
| 11. | Details of Bank Account | : | Account Holder Name:<br>Account No.:<br>IFSC Code No.:<br>Bank Name & Address: |

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી**
**અને સિક્કો**

## પ્રકરણ ૦૪: ફરજિયાત જમા કરાવવાના આધાર પુરાવા, લાયકાત અને માપદંડ.

| | |
|---|---|
| ૦૧ | આ કામગીરી માટે રસ ધરાવતી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી Institute of Chartered Accountants of India (ICAI) માં ઓછામાં ઓછા 08 **(આઠ)** વર્ષથી રજીસ્ટર્ડ હોવું ફરજીયાત રહેશે. અને આ અંગેનું ICAI નું સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે. |
| ૦૨ | ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી કઈપણ સરકારી/ અર્ધ સરકારી સંસ્થા દ્વારા ઓડીટ અર્થે empaneled હોવી જોઈએ. આ અંગેનો આધાર રજુ કરવો. |
| ૦૩ | આ કામગીરી માટે રસ ધરાવતી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનો નોંધણીનો સમય ગાળો ઓછામાં ઓછા 08 **(આઠ)** વર્ષનો હોવો ફરજિયાત છે. પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનું વેલિડ રજીસ્ટ્રેશન સર્ટીફીકિટ રજૂ કરવાનું રહેશે. **(ફક્ત ગુજરાત રાજ્યમાં રજીસ્ટર્ડ થયેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીને જ માન્ય ગણવામાં આવશે જેની ખાસ નોંધ લેવું)** |
| ૦૪ | (૧) છેલ્લા પાંચ નાણાંકીય વર્ષ (2020-21 **થી** 2024-25) દરમ્યાન કોઈપણ સરકારી/ અર્ધ સરકારી સંસ્થામાં **બીડ સંબંધિત કોઈપણ કામગીરી** કરી હોય એ માટે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યાના ઓછામાં ઓછા 5 **(પાંચ)** પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.<br>(૨) છેલ્લા પાંચ નાણાંકીય વર્ષ (2020-21 **થી** 2024-25) દરમ્યાન સરકારી/ અર્ધ સરકારી શૈક્ષણિક યુનિવર્સિટીમાં **બીડ સંબંધિત કોઈપણ કામગીરી** કરી હોય એ માટે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યાના ઓછામાં ઓછા 3 **(ત્રણ)** પ્રમાણપત્રો રજૂ કરવાના રહેશે.<br>(3) CA ફાર્મે ઓછામાં ઓછી 01 મોટી સંસ્થાનુ ઓડીટના કામ કર્યાનો અનુભવ હોવો જોઇએ કે જેનુ ટર્નઓવર 4000 કરોડ થઈ વધુ હોય.<br>**નોંધ:- ઉપરોક્ત બંનેવ અનુભવો રજુ કરવા ફરજીયાત છે. નંબર (૨) નો અનુભવ નંબર (૧) માટે ગ્રાહ્ય રાખવામાં આવશે. નાણાંકીય વર્ષ 2020-21 થી 2023-24 માટે વર્ક ઓર્ડરની નકલ સ્વીકાર્ય રહેશે નહીં. ફક્ત નાણાંકીય વર્ષ 2024-25 માટે વર્ક ઓર્ડરને માન્ય ગણવામાં આવશે.** |
| ૦૫ | આ કામગીરી માટે રસ ધરાવતી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ (2022-23 **થી** 2024-25) ની સરેરાશ ટર્ન ઓવર ઓછામાં ઓછું **₹ 15 લાખ** હોવું જરૂરી છે. આવકવેરા રિટર્ન, કોમ્પ્યુટેશન અને પ્રોફિટ લોસ એકાઉન્ટ બેલેન્સ શીટ સામેલ રાખવું. |
| ૦૬ | આ કામગીરી માટે રસ ધરાવતી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી પાસે ઓછામાં ઓછા ૩ **(ત્રણ)** ક્વોલિફાઈડ/પાર્ટનર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,જેમાંથી ૨ ચાર્ટડ અકાઉન્ટ પાસે DISA નું સર્ટીફીકિટ હોવું જરૂરી છે. **૩ (ત્રણ)** સેમી-ક્વોલિફાઈડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (મુખ્ય એકાઉન્ટ ડિગ્રી હોવી જરૂરી છે) અને પેરોલ ઉપર ઓફીસ કામગીરી જેવીકે હિસાબી, કોમ્પ્યુટર ઓપરેટીંગ તેમજ ડેટા એન્ટ્રી માટે 7 **(સાત)** ઓફીસ કર્મચારી હોવા જરૂરી છે. દરેક કર્મચારીઓના સર્ટિફિકેટ તેમજ અન્ય પુરાવા ખરી નકલ કરી રજુ કરવાના રહેશે. |

**ઉક્ત તમામ લાયકાત અને માપદંડ માટેના આધાર પુરાવા અમારા દ્વારા સાચા અને યોગ્ય ખરાઈ કરી રજુ કરવામાં આવેલ છે અને જો કોઈપણ આધાર પુરાવા ખોટા સાબિત થશે તો આ કામગીરી માટે નક્કી કરવામાં આવેલ કમિટી જે નિર્ણય કરશે એ અમને માન્ય રહેશે.**

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી**

**અને સિક્કો**

## પ્રકરણ ૦૫: પ્રાઈઝ બ્રેકઅપ (પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના લેટર હેડ ઉપર).

<table>
<tr><th rowspan="2">અ.નં.</th><th rowspan="2">કામગીરીની વિગત</th><th colspan="2">તમામ કરવેરા સહિતની રકમ</th></tr>
<tr><th>નાણાંકીય વર્ષ (2025-26)</th><th>નાણાંકીય વર્ષ (2026-27)</th></tr>
<tr><td>(૧)</td><td>(૨)</td><td>(૩)</td><td>(૪)</td></tr>
<tr><td>૦૧</td><td>₹ 1.00 લાખથી ઉપરના બીલોનું પ્રિ-ઓડિટ કરવાની કામગીરી. યુનિવર્સિટી દ્વારા તૈયાર કરવામાં આવેલ વાર્ષિક હિસાબ Certify કરાવવાની કામગીરી. AUC/UC/SOE Certify કરવાની કામગીરી. યુનિવર્સિટીની બેલેન્સ શીટ તૈયાર કરવાની કામગીરી.</td><td></td><td></td></tr>
<tr><td>૦૨</td><td>યુનિવર્સિટીની આવકોનું આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની કામગીરી. GST-TDS ના રિટર્ન ફાઈલ કરી TDS Certificate ઈશ્યુ કરવાની કામગીરી. IT-TDS માટે 24Q અને 26Q ના રિટર્ન ફાઈલ કરી ફોર્મ નં.-16/16A ઈશ્યુ કરવાની કામગીરી.</td><td></td><td></td></tr>
<tr><td colspan="2" align="right">કુલ રકમ (વાર્ષિક):</td><td></td><td></td></tr>
<tr><td colspan="2" align="right">બે વર્ષ માટે કુલ રકમ (૩+૪):</td><td colspan="2"></td></tr>
<tr><td colspan="4">બે વર્ષ માટે કુલ રકમ શબ્દોમાં:</td></tr>
</table>

**પ્રકરણ ૦૫ માં જણાવેલ તમામ ભાવો આ બીડનો સંપૂર્ણ અભ્યાસ કરી આપવામાં આવેલ છે. જે અમને માન્ય છે.**

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી**
**અને સિક્કો**

## પરિશિષ્ટ ૦૧: પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના લેટર હેડ ઉપર ફરજિયાત આપવાની થતી બાંહેધરીનો નમુનો.

# ☙ બાંહેધરી ❧

**વિગત:** "ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવા માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી નક્કી કરવા બાબત **(Hiring of Chartered Accountant Firm for Providing Works/Services at GNFSU,HALOL)".**

આથી બાંહેધરી આપવામાં આવે છે કે, અમારી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી ........................................... ને કોઈપણ ગવર્મેન્ટ/ સેમી ગવર્મેન્ટ સંસ્થા તરફથી બ્લેકલિસ્ટેડ કરેલ નથી. આ બીડ નંબર ........................................... ના બીડ ડોક્યુમેન્ટમાં જણાવેલ તમામ નિયમો, બોલીઓ અને શરતો તેમજ લાયકાત અને માપદંડ અમને માન્ય છે અને તેને ધ્યાને રાખી અમારા દ્વારા તમામ પ્રકારના કરવેરા સહિતના ભાવો આપવામાં આવેલ છે. આ ઉપરાંત અમારા દ્વારા આપવામાં આવેલ કોઈપણ માહિતીઓ ખોટી પુરવાર થશે તો આ કામગીરી માટે પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી નક્કી કરવાની પ્રક્રિયા દરમ્યાન અમારી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીને અસ્વીકાર (રીજેક્ટ) કરવામાં આવે **અથવા** અમારી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની પસંદગી આ કામગીરી માટે થયા બાદ કોઈપણ સમયે અમારા દ્વારા આપવામાં આવેલ કોઈપણ માહિતીઓ ખોટી પુરવાર થશે **અને** અમારો કરાર રદ કરવામાં આવે તો આ બન્નેવ કંડીશનો માં અમારા દ્વારા કોઈપણ પ્રકારના હક દાવા કરવામાં આવશે નહીં અને આ બાબતે ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ જે નિર્ણય કરશે એ અમને માન્ય રહેશે તેમજ અમારી પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટી ઉપર **આ કામગીરી માટેના નિયમો, બોલીઓ અને શરતો મુજબ કાર્યવાહી કરવા અમારા દ્વારા અનુમતિ આપવામાં આવે છે અને એ બાબતે અમારા દ્વારા સંપૂર્ણ સહકાર આપવામાં આવશે અને માન્ય રહેશે.**

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## પરિશિષ્ટ ૦૨: પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના લેટર હેડ ઉપર ફરજિયાત આપવાનું થતું ચેક લીસ્ટ.

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીનું નામ: .................................................................**

<table>
<tr><th>અ.નં.</th><th>ફરજીયાત જમા કરાવવાના થતા દસ્તાવેજોની વિગત</th><th>આધારો GeM પોર્ટલ પર અપલોડ કરેલ છે તેમજ હાર્ડ કોપી સ્વરૂપે મોકલાવેલ છે? (હા/ના)</th></tr>
<tr><td>૦૧</td><td>Institute of Chartered Accountants of India (ICAI) નું સર્ટિફિકેટ.</td><td></td></tr>
<tr><td>૦૨</td><td>સરકારી/ અર્ધ સરકારી સંસ્થા દ્વારા ઓડીટ અર્થે કરવામાં આવેલ Empanelment નો આધાર.</td><td></td></tr>
<tr><td>૦૩</td><td>ગુજરાત રાજ્યમાં રજીસ્ટર્ડ કરાવ્યા અંગેનું પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીની નોંધણીનું વેલિડ રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ.</td><td></td></tr>
<tr><td>૦૪</td><td>(૧) છેલ્લા પાંચ નાણાંકીય વર્ષ (2020-21 થી 2024-25) દરમ્યાન કોઈપણ સરકારી/ અર્ધ સરકારી સંસ્થામાં <u>બીડ સંબંધિત કોઈપણ કામગીરી</u> કરી હોય એ માટે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યાના ઓછામાં ઓછા 5 (પાંચ) પ્રમાણપત્રો.<br>(૨) છેલ્લા પાંચ નાણાંકીય વર્ષ (2020-21 થી 2024-25) દરમ્યાન સરકારી/ અર્ધ સરકારી શૈક્ષણિક યુનિવર્સિટીમાં <u>બીડ સંબંધિત કોઈપણ કામગીરી</u> કરી હોય એ માટે કામગીરી સંતોષકારક પૂર્ણ કર્યાના ઓછામાં ઓછા 3 (ત્રણ) પ્રમાણપત્રો.</td><td></td></tr>
<tr><td>૦૫</td><td>છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષ (2022-23 થી 2024-25) ની સરેરાશ ટર્ન ઓવર અંગેના આધારો.
<table>
<tr><th colspan="4">ત્રણ નાણાંકીય વર્ષ (2021-22 થી 2023-24) નું ટર્ન ઓવર</th></tr>
<tr><th>(2022-23)</th><th>(2023-24)</th><th>(2024-25)</th><th>સરેરાશ</th></tr>
<tr><td>₹ ................</td><td>₹ ................</td><td>₹ .............</td><td>₹ ................</td></tr>
</table></td><td></td></tr>
<tr><td>૦૬</td><td>ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, પાર્ટનર/ કર્મચારીઓના સર્ટિફિકેટ તેમજ અન્ય પુરાવાની ખરી નકલ.<br>ઓછામાં ઓછા ૩ (ત્રણ) ક્વોલિફાઇડ/પાર્ટનર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ,જેમાંથી ૨ ચાર્ટડ અકાઉન્ટ પાસે DISA નું સર્ટીફીકેટ હોવું જરૂરી છે. ૩ (ત્રણ) સેમી-ક્વોલિફાઇડ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ (મુખ્ય એકાઉન્ટ ડિગ્રી હોવી જરૂરી છે) અને પેરોલ ઉપર ઓફીસ કામગીરી જેવીકે હિસાબી, કોમ્પ્યુટર ઓપરેટીંગ તેમજ ડેટા એન્ટ્રી માટે 7 (સાત) ઓફીસ કર્મચારી હોવા જરૂરી છે.</td><td></td></tr>
<tr><td>૦૭</td><td>અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઇ.એમ.ડી) ₹ 30,000/- ના આધાર.</td><td></td></tr>
<tr><td>૦૮</td><td>GST રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ.</td><td></td></tr>
</table>

| | | |
|---|---|---|
| ૦૯ | પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો કરેલ આખું બીડ દસ્તાવેજ. | |
| ૧૦ | બીડ દસ્તાવેજમાં જણાવેલ અન્ય તમામ આધાર પુરાવા. | |

**પરિશિષ્ટ ૦૨ માં જણાવેલ તમામ ફરજીયાત જમા કરાવવાના થતા દસ્તાવેજો અમારા દ્વારા GeM પોર્ટલ પર અપલોડ કરેલ છે તેમજ હાર્ડ કોપી સ્વરૂપે મોકલાવેલ છે.**

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## પરિશિષ્ટ ૦૩: પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના કર્મચારી અંગેની માહિતી.

| અ.નં. | કર્મચારી/પાર્ટનર નું નામ | મેમ્બરશિપ નંબર | લાયકાત અંગેની વિગત | હોદ્દો | નિયુક્તિની તારીખ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## પરિશિષ્ટ ૦૪: પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના અનુભવ અંગેની માહિતી.

| અ.નં. | ગ્રાહક (Client) ની વિગત (નામ અને સરનામું) | ગ્રાહક (Client) નો પ્રકાર | સંપર્ક નંબર | કરવામાં આવેલ કામગીરીની વિગત | કામગીરીની કુલ રકમ (રૂપિયામાં) | કામગીરીનો સમયગાળો | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | તારીખ | તારીખ |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## **પરિશિષ્ટ ૦૫: પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીએ સિંગલ પોઈન્ટ કોમ્યુનિકેશન માટે નિયુક્ત કરવાના થતા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કર્મચારીની વિગતનો નમુનો.**

| અ.નં. | કામગીરી માટે નિયુક્તિ કરવામાં આવેલ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને કર્મચારીની વિગત | | કઈ કામગીરી માટે નિયુક્તિ કરવામાં આવેલ છે તેની વિગત | ઈમેલ આઈ.ડી. | મોબાઈલ નંબર |
|---|---|---|---|---|---|
| | નામ | હોદ્દો | | | |
| ૦૧ | | | | | |
| ૦૨ | | | | | |
| ૦૩ | | | | | |
| ૦૪ | | | | | |
| ૦૫ | | | | | |
| ૦૬ | | | | | |
| ૦૭ | | | | | |
| ૦૮ | | | | | |

**નોંધ:-** વ્યક્તિ દીઠ જમા કરાવવાની થતી વિગત.

**(૧)** ૨ કોપી પાસપોર્ટ સાઈઝ ફોટો.

**(૨)** ૧ કોપીમાં એજન્સી દ્વારા આપવામાં આવેલ ઓળખ કાર્ડની નકલ.

**(૩)** સહીના નમુના (**ફક્ત ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ માટે**).

**પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો**

## પરિશિષ્ટ ૦૯: પસંદગી પામેલ પેઢી(ફર્મ)/ એજન્સી/ પાર્ટીએ કરવાનો થતો સર્વિસ લેવલ એગ્રીમેન્ટ (SLA) નો નમુનો.

**ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવા પૂરી પાડવાની કામગીરી માટે કરવાનું થતું સર્વિસ લેવલ એગ્રીમેન્ટ.**

આ કરાર પર હસ્તાક્ષર કરનાર ...................................................... .................. ....................... ......................................... (કુલ રકમના ન્યુનતમ ભાવે આ કામગીરી માટે પસંદગી થયેલ એજન્સી/પાર્ટી) અને **હિસાબ નિયામકશ્રી, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ** વચ્ચે આજ રોજ **"ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની સેવા પૂરી પાડવાની કામગીરી માટે"** માટે આ સાથે સામેલ બીડ નંબર ........................................................ ના બીડ દસ્તાવેજમાં જણાવેલ નિયમો, બોલીઓ અને શરતો મુજબ **સર્વિસ લેવલ એગ્રીમેન્ટ** કરે છે. આ કરાર પર હસ્તાક્ષર એ બીડને અંતિમ સ્વરૂપ આપવા માટે પૂર્વશરત છે.

આથી અમે ...................................................... .................. ......................... ...............................................................દ્વારા જાહેર કરવામાં આવે છે કે, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ દ્વારા GeM પોર્ટલ ઉપર પ્રસિદ્ધ કરેલ બીડ ક્રમાંક ....................................... [GNFSU/COMPT/01-2025-26] માં જણાવવામાં આવેલ તમામ પ્રકરણો અને પરિશિષ્ટના નિયમો, બોલીઓ અને શરતો અમને માન્ય છે અને એ મુજબ અમે કામગીરીઓ કરવા માટે બંધાયેલા છીએં તેમજ આ બીડની કામગીરીમાં અમારા કાર્યકાળ દરમ્યાનની અમારા દ્વારા કરવામાં આવેલ કામગીરીઓ માટે ભવિષ્યમાં કોઈપણ પ્રકારના વહીવટી, ન્યાયિક કે કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થશે તો એ બાબતેની સ્પષ્ટતાઓ કરવાની અને જે કોઈપણ કાર્યવાહી કરવાની થતી હોઈ એ કરવાની જવાબદારીઓ તેમજ આ બાબતે સંપૂર્ણ સહકાર આપવાની સહમતી અમારા દ્વારા આપવામાં આવે છે.

| **સહમતી આપનાર પ્રથમ પાર્ટી તરીકે પસંદગી થયેલ એજન્સી/પાર્ટી** | **દ્વિતીય પાર્ટી તરીકે સહમતી લેનાર સંસ્થા/કચેરીના અધિકારીનો સહી અને સિક્કો** |
|---|---|
| **એજન્સી/ પાર્ટીના માલિકની સહી અને સિક્કો** | નામ: |
| નામ: | તારીખ: |
| તારીખ: | **સાક્ષી:** |
| **સાક્ષી:** | નામ : |
| નામ : | |